બાલહરી માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ
"અરવિંદાશ્રમ" - ઘરડા ઘર
મુ.પો. દેગામ, તા. ચીખલી, જી. નવસારી - ૩૯૬૫૩૦.
ફોન : ૯૯૨૪૩૦૦૭૯૬
મો. ૯૦૨૩૩૦૦૭૯૬
Web : www.balharioldagehome.com E-mail : balharimanavseva@gmail.com

## નિયમો અને શરતો

(1) અરજદારે દાખલ થતી વખતે Rs. 15,000/- ડીપોઝીટ ભરવાની રહેશે, વૃદ્ધાશ્રમમાં રહેનારે માસિક Rs. 5000/- દર મહિનાની સાત તારીખ સુધીમાં આપવાના રહેશે. જેમાં રહેવાનું, બે ટાઇમ ચા નાસ્તો અને બે ટાઇમ જમવાનું તેમજ laundry ની સગવડઆપવામાં આવશે.

(2) વૃદ્ધાશ્રમમાં દાખલ થવા માટે વ્યક્તિની ઉંમર સામાન્ય રીતે ૬0થી વધુ હોવી જોઇએ. આમાં છૂટછાટ આપવાનો હક ટ્રસ્ટી મંડળની સમિતિની રહેશે. વૃદ્ધાશ્રમમાં દાખલ થનાર એ સ્વચ્છ અક્ષરોમાં અરજી કરવી. પાનકાર્ડ આધારકાર્ડ રેસિડન્સ પ્રૂફ તથા પાસપોર્ટ સાઇઝના ફોટા જમા કરાવવા રહેશે.

(3) વૃદ્ધાશ્રમમાં દાખલ થનાર એ અરજીપત્રક સાથે ટીબી કેન્સર AIDS તથા બીજી કોઇ ચેપી કે ગંભીર બીમારી નથી તેનું Registered ડોક્ટરનું સર્ટીફીકેટ લાવવાનું રહેશે. સંસ્થાના નિમાયેલા ડોક્ટર ના સર્ટિફિકેટના આધારે અરજદારને પ્રવેશ આપવો કે નહીં તેનો નિર્ણય ટ્રસ્ટી મંડળ કરશે. વૃદ્ધાશ્રમમાં રહેનારે સારી રીતભાત થી રહેવું જોઈશે. બધા સાથે સારો વ્યવહાર રાખવો જોઈશે. કોઈપણ પ્રકારની અણછાજતી વર્તણુક કરવી નહીં.

(4) આ નિયમનું કોઇ ઉલ્લંઘન કરશે તો મેનેજર તેમને ચેતવણી આપશે છતાં પણ તેમની વર્તણૂક સંતોષકારક ન જણાય તો ટ્રસ્ટી મંડળ તેમને આશ્રમમાંથી છુટા કરવા મુખત્યાર છે, આમાં કોઇપણ પ્રકારનો વાંધો ચલાવી લેવામાં આવશે નહીં . વૃદ્ધાશ્રમમાં સગવડ પ્રમાણે દરેક રૂમમાં 2 વ્યક્તિઓની રહેવાની તેમજ ત્રણ રૂમ માં 3 વ્યક્તિઓની રહેવાની સગવડ કરવામાં આવેલ છે. જરૂર જણાતા વ્યવસ્થાપક તેમાં ફેરફાર કરી શકશે.

(5) આ વૃદ્ધાશ્રમમાં રહેનાર વ્યક્તિ પોતાના કુટુંબીજન કે સગા વાહલા ને પોતાની સાથે રાખી શકશે નહીં. તેમના કુટુંબીજનોએ કે સગાવહાલા એ રહેવું હોય તો તે ગેસ્ટ રૂમ માં રહી શકશે. તેનો ચાર્જ વૃદ્ધાશ્રમના નિયમ અનુસાર એક દિવસના Rs. 500/- પ્રતિ વ્યક્તિ આપવાનો રહેશે. જેમાં રહેવાનું, બે ટાઇમ ચા નાસ્તો અને બે ટાઇમ જમવાનું આપવામાં આવશે. કોઈપણ ગેસ્ટ ત્રણ દિવસથી વધારે રહી શકશે નહીં. એ સિવાય સંબંધીઓનો મળવાનો સમય 11:00 થી 4:00 વાગ્યા સુધીનો રહેશે, જેમાં તેઓ મેનેજરની ઓફિસમાં અથવા લોબીમાં બેસી ને વાત કરી શકશે.વૃદ્ધાશ્રમના રહેનાર વ્યક્તિના રૂમમાં મુલાકાતની મંજૂરી આપવામાં આવતી નથી જેની ખાસ નોંધ લેવી.

(6) વૃદ્ધાશ્રમ માં રહેનાર વ્યક્તિ, સંચાલક કે ટ્રસ્ટી ની રજા લઇને 5 દિવસ સુધી બહારગામ જઈ શકશે. રજા વગર જનાર વ્યક્તિનો ખાટલો 7 દિવસ બાદ અન્ય વ્યક્તિને આપવામાં આવશે અને તેમનો સામાન પણ ખસેડી દેવામાં આવશે. આમાં કોઇ નુકસાન થાય તો ટ્રસ્ટી કે મેનેજર જવાબદાર રહેશે નહીં.

(7) વૃદ્ધાશ્રમ માં રહેનાર વ્યક્તિની તબિયત બગડે તો તુરંત મેનેજર ને ખબર આપવી, જેથી તે ડોક્ટર પાસે દવા માટે લઈ જઈ શકે. માંદગી ગંભીર જણાય તો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવશે, અને તેની ખબર અરજીમાં જણાવેલી વ્યક્તિ ને લેખિત અથવા ફોનથી કરવામાં આવશે. માંદગી અંગેનું ખર્ચ રહેનાર વ્યક્તિ એ ભોગવવાનો રહેશે. વૃદ્ધાશ્રમમાં રહેતી વ્યક્તિ નું કોઈપણ સંજોગોમાં કે માંદગી દરમિયાન મૃત્યુ થાય તો તેની જાણ અરજીમાં જણાવેલી વ્યક્તિ ને કે બાહેધરી લેનાર વ્યક્તિને કરવામાં આવશે, છતાં પણ ૮ થી ૧૦ કલાકમાં કોઇ ના આવે તો રહેનાર વ્યક્તિની અંતિમ વિધિ ટ્રસ્ટ કરશે અને તે માટે કોઈપણ પ્રકાર નો વાંધો લઇ શકાશે નહીં.

(8) વૃદ્ધાશ્રમ માં રહેનાર દરેક વ્યક્તિએ પોતાની ચીજવસ્તુઓનું કાળજીપૂર્વક જતન કરવું. કોઈપણ ચીજ ગુમ થાય કે ચોરાઈ જાય તે માટે સંસ્થા જવાબદાર નથી.

(9) વૃદ્ધાશ્રમ માં રહેનાર વ્યક્તિને ખાવા-પીવા અંગે સ્વચ્છતા અંગે કે અન્ય કોઈ આ બાબતની તકલીફ હોય તો તેની ફરિયાદ મેનેજરને કરવી. વિશેષ તકલીફ હોય તો ટ્રસ્ટીઓને જાણ કરવી. વૃદ્ધાશ્રમમાં વ્યસન કરવાની મનાઈ છે.

(10) વૃદ્ધાશ્રમમાં વ્યસનની મનાઇ ફરમાવવામાં આવેલ છે. આ બાબતે કોઈની ફરિયાદ મળશે તો મેનેજર તુરંત પગલા લેશે આશ્રમમાં રહેનાર વ્યક્તિને કોઇ કર્મચારી બાબતે કઈ વાંધો કે ફરિયાદ હોય તો મેનેજર ને રૂબરૂ મળી તેનો ખુલાસો કરવો, જેથી તે બાબતનું નિરાકરણ કરી શકાય. એકબીજા સાથે ભેદભાવ વાળુ વર્તન તકરાર કે બીજી કોઇ પણ જાતની ગેરવર્તણૂક કરનાર ને ટ્રસ્ટી સંસ્થામાંથી તુરંત જ રજા આપી શકશે અને તે નિર્ણય આખરી ગણાશે.

(11) વૃદ્ધાશ્રમના રસોડે જમવા સમયે જે ભોજન મળે તેથી જુદું ભોજન કોઇના માટે બનશે નહીં. વૃદ્ધાશ્રમ માં કામ કરતા રસોઇયા કે રસોડાના બીજા કર્મચારી સાથે સીધો સંબંધ રાખી શકાશે નહીં. બહારથી કોઈપણ પ્રકારનું ભોજન લાવી શકાશે નહીં. જમવાનું માત્ર ડાઇનિંગ હોલમાં જ પીરસવામાં આવશે.

(12) વૃદ્ધાશ્રમમાં રહેનારે પોતાનો ઓરડો, કપડા, શારીરિક તેમજ આંતરિક સફાઈ નું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે, અને તે બધું કામ જાતે કરવાનું રહેશે. સંસ્થામાં રોજિંદા નિયત કાર્યક્રમ નું પાલન કરવાનું રહેશે. સવારે અને સાંજે નિયત સમયે સમુહ પ્રાર્થના માં ભાગ લેવાનો રહેશે. બીમારીની હાલતમાં કે કોઈ અશક્ત હોય ત્યારે આમાં છૂટ મળી શકશે.

(13) વૃદ્ધાશ્રમમાં રહેનારને જે રૂમ ફાળવવામાં આવ્યો હોય તેમાં જ રહેવું પડશે. પોતાની મેળે રૂમમાં ફેરફાર કરી શકાશે નહીં. આવો ફેરફાર કરવાની સત્તા ટ્રસ્ટી મંડળ પાસે રહેશે. સંસ્થાને નક્કી કરેલા સમય પત્રકનું દરેકે પાલન કરવું પડશે.

(14) દાન કરવાની રકમ કોઈ પણ અંગત વ્યક્તિને નહિ, પણ ટ્રસ્ટને જ ચેક, ડિમાન્ડ ડ્રાફ્ટ,NEFT, RTGS, IMPS દ્વારા આપી શકાશે. વસ્તુઓ કે રોકડ કોઈ પણ અંગત વ્યક્તિને નહિ પણ ટ્રસ્ટને જ આપવી.  દરેક દાનની પહોંચ લેવી.

(15) સ્વૈચ્છિક દાન સ્વીકારવામાં આવશે, પરંતુ ટ્રસ્ટ કોઈ પણ ને બંધનકર્તા રહેશે નહીં.

(16) સંસ્થા તરફથી ચલાવવામાં આવતી ધાર્મિક અને કલ્યાણ મયી અન્ય પ્રવૃત્તિઓમાં દરેકે ભાગ લેવાનો રહેશે. અસભ્ય વર્તન કરનાર કે ગેરશિસ્ત ફેલાવનાર વ્યક્તિને વૃદ્ધાશ્રમમાંથી છૂટા કરવાનો હક ટ્રસ્ટી મંડળને રહેશે.

(17) વૃદ્ધાશ્રમમાં વિઝીટ બૂક રાખેલ છે. આવનાર વ્યક્તિ તેમાં પોતાની જાણકારી સિવાય કોઈપણ પ્રકારની ફરિયાદ હોય તો મેનેજરને જાણ કરી તેમાં નોંધ કરી શકશે. આશ્રમમાં રહેનાર વ્યક્તિ થોડાક સમય માટે બહાર જવા માંગે તો મેનેજર કે હાજર ટ્રસ્ટીની રજા લઇ રજીસ્ટર માં નોંધ કરી જઇ શકશે.

(18) વૃદ્ધાશ્રમ માંથી મળેલી વસ્તુઓ રહેનાર વ્યક્તિ ના વપરાશ માટે છે. વૃદ્ધાશ્રમમાં થી પાછા ફરવાનું હોય તો તે દરેક વસ્તુ વ્યવસ્થાપક ને પાછી સોંપવિ.

(19) વૃદ્ધાશ્રમ માં કોઈપણ વ્યક્તિને દાખલ કરવાની કે રજા આપવાની સત્તા ટ્રસ્ટી મંડળની રહેશે. શારીરિક ખોડખાપણ કે માનસિક અસ્થિરતા ધરાવતી વ્યક્તિને પ્રવેશ આપવું કે કેમ તે અંગે ટ્રસ્ટી મંડળ નો નિર્ણય આખરી ગણાશે.

(20) સંસ્થાએ નકકી કરેલા નિયમોનું દરેકે ફરજિયાત પણે પાલન કરવાનું રહેશે. વૃદ્ધાશ્રમ નો લાભ લેનાર દરેક હાલના ચાલુ નિયમો તથા ભવિષ્યમાં વખતોવખત નવા ઘડાનાર નિયમોનું ચુસ્તપણે પાલન કરવું પડશે. આ નિયમો અંગેની સત્તા અબાધિત બિન ખુલાસા વાર ટ્રસ્ટી મંડળને હસ્તક રહેશે.

(21) ઉપરોક્ત નિયમોમાંથી કોઇ પણ નિયમમાં સુધારા વધારા કરવાનું કે રદ કરવા ના સર્વ હક ટ્રસ્ટી મંડળને રહેશે. ટ્રસ્ટીઓએ ઘડેલા નિયમો બાબતે અથવા તદ્નુસાર લીધેલા પગલા અંગે કોઇ વ્યક્તિ પોલીસ કેસ અથવા કોઇ દાવો કરશે તો તે બદલ ટ્રસ્ટીઓ જવાબદાર ગણાશે નહીં

(22) આશ્રમમાં ગીઝર ચલાવવા નો સમય સવારે 7:00 થી સવારે 9:00 વાગ્યા સુધીનો રહેશે ત્યારબાદ ગીઝર બંધ કરવું ફરજિયાત છે.

(23) અરજદારે કે અરજદારના સંબંધીઓએ ટિપ્સ માત્ર ટીપ બોક્સમાં જ મૂકવી પડશે કોઇપણ કર્મચારીને અંગત રીતે આપી શકાશે નહીં .

ઉપર ના નિયમો મેં વાંચેલ છે, અને તે મુજબ વર્તન કરવા હું બંધાવું છું. જો કોઇપણ નિયમનો મારાથી ભંગ થાય તો તરત જ વૃદ્ધાશ્રમમાંથી જગ્યા ખાલી કરાવી શકો છો, અને તે માટે મારો કોઇ વાંધો ચાલશે નહીં.

અરજદાર :______________________________

અરજદાર ની સહી :______________________ તારીખ:______________________